**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૨ જૂન, ૨૦૧૧)**

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૫ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૨**

**નોંધ :- જમણી બાજુએ આપેલા અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

**વિભાગ - ૧ : 'બ્રહ્મવિદ્યાના અમૂલ્ય ગ્રંથો' નવી આવૃત્તિના આધારે**

**પ્રશ્ન. ૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સ્વામીની વાતોની દુર્લભતા :

(૧) ☐ આ વાતું દુર્લભ છે. (૨) ☐ આ વાતું તો કોઈને મળી નથી.

(૩) ☐ આ વાતું સારુ તો પછી રોશો. (૪) ☐ આ વાતું તો બ્રહ્માંડની છે.

૨. સાધનામાં સત્પુરુષનું પ્રાધાન્ય.

(૧) ☐ સંત થકી સર્વે વાતની સિદ્ધિ. (૨) ☐ સંત થકી સર્વે ગુણો આવે.

(૩) ☐ સંત થકી સ્વભાવ, વિષય અને કસર ટળે. (૪) ☐ સંત થકી ભૂંડા દેશકાળમાં રક્ષા થાય.

૩. સૂત્રાત્મક ઉપદેશ (વચનામૃતમાં)

(૧) ☐ વાસનારહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે.

(૨) ☐ આપણે ભગવાનના છીએ પણ માયાના નથી.

(૩) ☐ સાંખ્ય વિના અરધો સત્સંગ કહેવાય.

(૪) ☐ સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે, તે જ આત્મસત્તારૂપે વર્તે છે.

**પ્રશ્ન. ૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ગ. અં. ૨૮માં બ્રહ્માનંદ સ્વામી, શુકમુનિ તથા સુરોખાચર એ ત્રણેય શ્રીજીમહારાજના પ્રશ્નનો શો ઉત્તર આપે છે ?

૨. પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે કોનાથી નોખા છે ?

૩. જેતલપુર - ૩માં શ્રીજીમહારાજ સંતોને સંબોધીને શું કહે છે ?

૪. ધ્યેયની સ્પષ્ટતા કરી આપતાં સ્વામી પ્રકરણ ૧/૧૪ વાતમાં શું કહે છે ?

૫. ગુણાતીતાનંદ સ્વામી મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરતાં ત્યારે ગોપાળાનંદ સ્વામી શું કહેતા ?

**પ્રશ્ન. ૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો.** [૫]

**ઉદાહરણ :-** મ. ૩૫ - 'આ મારી સર્વે ઇન્દ્રિયોની ક્રિયાને વિશે મને આત્માનું ક્ષણમાત્ર પણ વિસ્મરણ થતું નથી.'

**ઉત્તર :-** શ્રીજીમહારાજનું દિવ્ય વ્યક્તિત્વ - વિચારશીલતા

૧. વેદ, પુરાણ, ઇતિહાસ અને સ્મૃતિ એ સર્વે શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે.

૨. તે સ્વરૂપને તો તમે પણ દેખો છો, પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી.

૩. મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ.

૪. આ છે એ બ્રહ્મ અને ગયા એ પરબ્રહ્મ.

૫. આ સત્સંગ મળ્યો છે એ તો પરમ ચિંતામણિ મળી છે, તેમાં જીવ બહુ વૃદ્ધિને પામે છે.

**પ્રશ્ન. ૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો.** [૪]

**ઉદાહરણ :-** વચનામૃતની પ્રમાણભૂતતાના અન્ય પુરાવાઓ

**ઉત્તર :-** ૧. અદ્વિતીય શ્રોતાગણ ૨. પ્રમાણિક સંપાદકવૃંદ ૩. ઐતિહાસિક પ્રમાણભૂતતા

૧. શ્રીજીમહારાજના ઉપદેશનું પ્રયોજન ૨. બ્રહ્મવિદ્યા

**પ્રશ્ન. ૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (વીસેક લીટીમાં)** [૧૦]

૧. વચનામૃતની દૃષ્ટાંત-સભર અને હળવી શૈલી. **અથવા**

૨. શ્રીજીમહારાજનો ત્યાગનો ઈશક

૩. ગુણાતીતાનંદ સ્વામી : આજ્ઞાપાલનની તત્પરતા **અથવા**

૪. સ્વામીશ્રીના સ્પષ્ટવક્તાપણાનો નિર્દેશ કરતા પ્રસંગો

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **"સત્સંગ પ્રાજ્ઞ-૧-૨"** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ : તારીખ ☐☐ મહિનો ☐☐ વર્ષ ☐☐☐☐

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્રશ્ન. ૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં)** [૧૦]

૧. શ્રીજીમહારાજ : બ્રહ્મવિદ્યાના યથાર્થ જ્ઞાતા અને અનુભવી

૨. ગુણાતીતાનંદ સ્વામી દ્વારા બ્રાહ્મીસ્થિતિનું ઘડતર

**વિભાગ - ૨ : 'શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવનચરિત્ર ભાગ-૧ના આધારે**

**પ્રશ્ન. ૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં)** [૧૨]

૧. શાસ્ત્રીજી મહારાજનો આત્મવિશ્વાસ અને દૃઢતા

૨. યજ્ઞપુરુષદાસ એક આદર્શ વિદ્યાર્થી

૩. શાસ્ત્રીજી મહારાજના પ્રસંગમાં આવનાર વ્યક્તિઓ પર તેમનો પ્રભાવ

**પ્રશ્ન. ૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા)** [૮]

૧. વઢવાણ મંદિરના પગરણ

૨. ભાદરોડમાં શાસ્ત્રીજી મહારાજ ઉપર ભગતજીની વાત્સલ્ય વર્ષા

૩. મરણિયા થઈને આજ્ઞા પાળનાર શાસ્ત્રીજી મહારાજના શૂરવીર ભક્તો

**પ્રશ્ન. ૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું)** [૧૨]

૧. હું તો સ્વામી અને મહારાજની સોનાની મૂર્તિ બેસે ત્યારે રાજી.

૨. છોકરા ! તારામાં તેજ અપાર છે.

૩. ગોરધનદાસ કોઠારીને વઢવાણ પ્રતિષ્ઠાના સમાચાર આપતા શાસ્ત્રીજી મહારાજ.

૪. અસ્મિન્ સંપ્રદાયે એકમેવ.

૫. જાગાસ્વામીનો સંકલ્પ 'ઉપાસનાનાં શિખરો આ સાધુ દ્વારા જ કરાવવા.'

**પ્રશ્ન. ૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો.** [૮]

૧. મુક્તરાજ કુબેરભાઈ        ૨. સાધુ હરિકૃષ્ણદાસ

**વિભાગ - ૩ : 'સ્વામીની વાતો'ના આધારે**

**પ્રશ્ન. ૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. કયા વચનામૃતોને આધારે મહારાજને પુરુષોત્તમ જાણવા ?

૨. પ્રધાનપુરુષથી પ્રકૃતિપુરુષ કેટલા ગણા વધુ છે ?

૩. સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વીને વિષે કયાં પાંચ પગ રોપ્યા છે ?

૪. મુક્તાનંદ સ્વામી કઈ રીતે ક્રિયા કરતા ?

**પ્રશ્ન. ૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં)** [૬]

૧. શ્રીજીમહારાજ સો કરોડ મનવારો કેવી રીતે ભરશે ?

૨. શાહુકાર શાથી વિષ્ણુના લોકમાં ગયો ?

૩. શિવલાલને મહારાજના સુખ વિષે સમજાવતાં સ્વામી શું કહે છે ?

**પ્રશ્ન. ૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (કુલ આઠેક લીટીમાં)** [૬]

૧. પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસા જ છે.

૨. ત્રણ પ્રકારના પંખીઓનું દૃષ્ટાંત.

૩. મનુષ્ય તો લીંબડી કે નીચે દેખ્યા હે.

**પ્રશ્ન. ૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી**
**સમજાવો. (આઠ થી દસ લીટીમાં)** [૪]

૧. ઉપેન્દ્રાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી પાસે નિષ્કપટપણે વર્ત્યા તો તેમનો કામ દોષ બળી ગયો.

૨. શીતળદાસે સમાધિમાં જોયું કે જીવ, ઈશ્વર, પુરુષ ને અક્ષરાદિક તે સર્વે મહારાજ આગળ હાથ જોડીને ઊભા છે.

૩. વસ્તા ખાચરને જીવાખાચર અને બુઢા ધાધલનો કુસંગ લાગ્યો તો મહારાજને મળ્યા વિના જ ચાલ્યા ગયા.

૪. મહારાજે સાકરબાને કહ્યું, 'મા ! તમારા મૂળજી તો અમને ત્રણે અવસ્થામાં નિરંતર દેખે છે.'

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૧૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**